R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા . (મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-28• ISSUE: 17 DATE: 27-04-2019• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## શ્રીલંકામાં ખ્રિસ્તીઓના ઇસ્ટરના પવિત્ર તહેવારના ટાણે આતંકવાદીઓનો ચર્ચ અને હોટલો પર હુમલો જેમાં ૩૦૦થી વધુ લોકોના મોત અને ઘવાયા

શ્રીલંકામાં ચર્ચો પર થયેલા હુમલાઓ ન્યુઝીલેન્ડના ક્રાઈસ્ટચર્ચની મસ્જીદમાં થયેલા હુમલાનો બદલો લેવા માટે કરાયો છે તેવો આતંકવાદી સંગઠને દાવો કર્યો હતો.ઈસ્ટર સન્ડેના રોજ શ્રીલંકામાં થયેલા આત્મઘાતી આતંકવાદી હુમલામાં ૩૦૦ જેટલા વ્યક્તિઓના મોત નિપજ્યા હતા અને તેટલાજ ઘાયલ થયા હતા તેવા સમાચારો આવ્યા હતા.

પ્રારંભિક તપાસમાં એવું જાણવા મળ્યુ હતું કે ન્યુઝીલેન્ડના ક્રાઈસ્ટ ચર્ચ ખાતે માર્ચ મહિનામાં મસ્જીદ પર થયેલા હુમલાનો બદલો લેવા માટે શ્રીલંકાના ચર્ચો પર હુમલો કરાયો હતો. ૧૫મી માર્ચે ક્રાઈસ્ટ ચર્ચની બે મસ્જીદ પર એક ઓસ્ટ્રેલિયન નાગરિકે કરેલા હુમલામાં ૫૦ મુસ્લીમોના મોત નિપજ્યા હતા.બીજી બાજું ખુંખાર આતંકી સંગઠન ઈસ્લામિક સ્ટેટે શ્રીલંકાના હુમલાની જવાબદારી સ્વીકારી હતી.હુમલામાં મૃતકોની સંખ્યામાં પોલીસ પ્રવક્તાના જણાવ્યા પ્રમાણે મોતનો આંક ૩૦૦ વટાવી ગયો હતો.અને આ હુમલામાં ૫૦૦થી વધુને ઈજા પહોચી હતી.આતંકવાદી હુમલાના સંદર્ભમાં ૪૦ કરતાં વધુ શંકાસ્પદોની ધરપકડ કરવામાં આવી હતી.ભારતના વિદેશમંત્રી ના જણાવ્યા મુજબ આ આતંકી હુમલામાં ૧૦ ભારતીયોના મોત નિપજ્યા હતા.

ઈસ્લામિક સ્ટેટની એક એજન્સી દ્વારા કરાયેલા નિવેદનમાં જણાવાયું હતું કે શ્રીલંકામાં જે વિવિધ સ્થળે હુમલા કરવામાં આવ્યા તે ઈસ્લામિક સ્ટેટના ફાઈટર્સ દ્વારા કરવામાં આવ્યા છે. જો તેના નક્કર પુરાવા આપવામાં આવ્યા નથી. ઉલ્લેખનીય છે કે શ્રીલંકામાં ઈસ્ટર સન્ડેના રોજ થયેલા આતંકવાદી હુમલામાં પ્રારંભિક તપાસ દરમિયાન ઈસ્લામિક સ્ટેટની સંડોવણીના સંકેતો પ્રાપ્ત થયા છે.આ બાબતે કેટલીક તસવીરો જારી કરાઈ છે જે આત્મઘાતી હુમલાખોર જણાવાયા હતા. આ ત્રણ આત્મઘાતી હુમલાખોરોમાં અબુલ બાર્યા, અલ મુખ્તાર અને અબુ ઉબૈદાનો સમાવેશ થાય છે.

ઈસ્ટર સન્ડેના દિવસે થયેલા આત્મઘાતી આતંકી હુમલાને કારણે દેશમાં ઈમરજન્સી ની જાહેરાત કરવામાં આવી હતી અને દેશભરની સરકારી કચેરીઓ પર અડધી કાઠીએ રાષ્ટ્રધ્વજ લહેરાવીને મૃતકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરાઈ હતી.

શ્રીલંકામાં થયેલા આઠ સિરીયલ બ્લાસ્ટમાં ઈસ્લામિક જુથના સાત આત્મઘાતી બોમ્બરો હોવાનું મનાય છે.બોમ્બ ધડાકાઓ બાદ હાથ ધરાયેલી તપાસમાં આખા શહેરને નેસ્તનાબદુ કરવાનું હોય તેટલી માત્રામાં ૮૭ ડેટોનેટર્સ મળી આવ્યા હતા. પેટ્ટાહ વિસ્તારમાં સેન્ટ્રલ કોલંબો બસ સ્ટેશને આ તમામ ડેટોનેટર્સ મળી આવ્યા હતા.અન્ય એક સ્થળેથી જમીન પર મુકાયેલા ૧૨ બોમ્બ ડેટોનેટર્સ મળી આવ્યા હતા.આ દર્શાવે છે કે આતંકીઓ વધુ બોમ્બ ધડાકાઓ કરવાના હતા.સરકારી પ્રવક્તાએ જણાવ્યુ હતું કે નેશનલ તાવહીદ જમાત નામના એક સ્થાનિક ઈસ્લામિક કટ્ટરપંથી જુથે આ બ્લાસ્ટનું કાવતરુ ઘડ્યું હોવાની શંકા છે.

ઈસ્ટર સન્ડે ના આતંકી બોમ્બ બ્લાસ્ટ પછી તપાસ કરી રહેલા સુરક્ષાના ઘેરા વચ્ચે કોલંબોમાં એક ચર્ચ નજીક કારમાં બોમ્બ બ્લાસ્ટ થયો હતો જેમાં કોઈ જાનહાનિ થઈ નહોતી.બોમ્બ નાશક ટુકડી બોમ્બનો નાશ કરી રહી હતી ત્યારે આ ભયાનક વિસ્ફોટ થયો હતો. અને કાર આગની જવાળામાં લપેટાઇ ગઈ હતી.નજીકમાં પાર્ક કરેલી કેટલીક કારોના ફુરચેફુરચા ઉડી ગયા હતા. ઈસ્ટર સન્ડેના દિવસે થયેલા હુમલામાં ભારતના જેડીએસના ૪ નેતાઓ સહીત ૬ ભારતીયોના મોત નિપજ્યા હતા.કર્ણાટકના મુખ્યમંત્રી કુમારસ્વામીએ જણાવ્યા મુજબ જેડીએસના ૭ નેતા કોલંબો ગયા હતા અને હોટેલ શાંગ્રીલામાં ઉતર્યા હતા. જ્યાં તેઓ આતંકી હુમલાનો ભોગ બન્યા હતા. બે લોકો લાપત્તા બન્યા છે જેમની શોધખોળ ચાલું છે.



શ્રીલંકામાં ખ્રિસ્તીઓ પર થયેલા આતંકી હુમલાનો ખ્રિસ્તી અને મુસ્લીમ બિરાદરોએ વિરોધ નોધાવ્યો



આતંકી હુમલામાં માર્યા ગયેલાઓની અંતિમ વિધિ નજરે પડી રહી છે.


ચર્ચ પર કરાયેલા આતંકી હુમલામાં ચર્ચનું થયેલું પારાવાર નુંકશાન દેખાય છે

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

ન્યાયતંત્ર ઉપર પોતાનો રુઆબ અને સત્તાના જોરે,પોતાના હિસાબથી કોર્ટ પાસે નિર્ણયો કરાવવા માંગતા પરિબળો સામે કોર્ટે કડક હાથે કામ લેવાની જરુર છે.આવા પરિબળો કોર્ટને ગેરમાર્ગે દોરતાં પણ અચકાતાં નથી જે આપણે ભુતકાળમાં જોયું છે. રફાલ કેસમાં સુપ્રીમ કોર્ટેને ગેરમાર્ગે દોરવામાં આવી હતી.અને પાછળથી તેને ભુલ કહીને કેસને વાળી દેવામાં આવ્યો.પરિણામએ આવ્યું કે સત્તાધીશો પોતાના તરફેણમાં ન્યાયને વાળી દીધો.કેટલીક ક્ષતિઓ ગંભીર હોવા છતાં તેને નજરઅંદાઝ કરાવવા માટે જે રીતો અખત્યાર કરવામાં આવી રહી છે તે સુપ્રીમ કોર્ટની સ્વતંત્રતા અને ન્યાય પડકારનારી છે.

એડવોકેટ ઉત્સવ બૈસે ચીફ જસ્ટીસ ગોગોઈને જાતિય શોષણના મામલે ફસાવવાનું ષડયંત્ર રચાયું હોવાના પોતાના દાવા અંગે કોર્ટમાં રીપોર્ટ આપી દીધો છે.જેમાં તેમણે જણાવ્યુ હતું કે  કેટલાક લોકો છે કે જેઓ પોતાના હિસાબથી કોર્ટ પાસે નિર્ણયો કરાવવા માંગે છે. દરમિયાન સુપ્રીમ કોર્ટે વકીલ ઉત્સવ બૈસેન સુરક્ષા પુરી પાડવા માટે પણ આદેશ આપ્યો છે.ઉત્સવ બૈસે દાવો કર્યો  હતો કે સીજેઆઈને એક ષડયંત્ર અંતગર્ત ફસાવવામાં આવી રહ્યા છે.તેમણે સોશિયલ મીડીયા દ્વારા આ ષડયંત્ર વિશે જણાવ્યું છે.બૈસના કહેવા પ્રમાણે તેમની પાસે સીસીટીવી ફુટેજ છે જે અસલી પુરાવો છે તે કોર્ટને તેમણે સોપ્યો છે.તેમના કહેવા પ્રમાણે આરોપી-માસ્ટર માઈન્ડ છે તેમજ ખુબ શક્તિશાળી છે.

જ્યારે આ ષડયંત્રની વાત બહાર આવતાં અનેક રહસ્યો પરથી પડદા ઉચકાય તેવી વકી છે.કેટલાક જજોએ રાજકીય દબાણો જેવા અનેક કારણો જજમેન્ટને પ્રભાવિત કરવા માટે આચરાય છે તેવો ઘટસ્ફોટ પણ કર્યો છે અને તે પણ છેલ્લા ચારથી પાંચ વર્ષોમાં અને જો તે માટે જજો આવી તાકાતોની આગળ નમી જતા નથી તો તેઓને ષડયંત્રનો શિકાર બનાવી દેવાય છે.

એનડીએના શાસન કાળમાં સુપ્રીમ કોર્ટ, બંધારણ, જજોની સ્વાયત્તા, સ્વતંત્રતા અને એવી અનેક બાબતો દેખાઈ છે જે લોકશાહીના માળખાને હાનિકર્તા બની શકે તેમ છે.સત્તા સ્થાને બેઠેલા લોકોએ આ બાબતે પુરેપુરી નિષ્ઠાથી કાળજી રાખીને લોકશાહીની માવજત કરવાની છે તે તેમણે ભુલવું જોઈએ નહીં. માત્ર ખુરશી જ ટકાવી રાખવા માટે ગમે તે હદે જવું તે યોગ્ય પણ નથી.

સીજેઆઇ સામે મહિલાએ કરેલા આરોપો તેમને ફસાવવાનું કાવતરુ છે તેની સાથે કોર્ટે એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે એક મહિલા સાથે જાતીય શોષણ તો નથી થયુંને ? તેની તપાસ થવી જોઈએ. ન્યાયતંત્રએ બેઉ બાજુના તાજવાને તોળવાનો પ્રશ્ન ઉભો થયો છે.ન્યાયતંત્રની કોઈ ઠેકડી ના ઉડાડે તે પણ જોવાનું છે અને કોઈને અન્યાય પણ ના થાય તે પણ જોવાનું છે.સત્તાના જોરે,પૈસાના જોરે મહિલાઓનું જાતિય શોષણ વિશ્વભરમાં થતું રહ્યું છે.પરંતુ ન્યાય તેને અન્યાય ના કરી શકે.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબારો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# અમેરિકામાં ગેરકાયદેસર ઘુસણખોરી કરનારા ઘુસણખોરોને સેન્ચુરી સીટીઝ માં મોકલવા માટે ટ્રમ્પની ગંભીરતાપુર્વકની વિચારણા



અમેરિકામાં રહેવા જવા માટે યેનકેન પ્રકારની ગેરકાયદેસર રીતો અજમાવીને ઘુસણખોરી કરતાં પકડાનાર શરણાર્થીઓ અને ઘુસણખોરો સામે કેવા પગલાં લેવા તે માટે ટ્રમ્પ ગંભીરતાથી વિચારી રહ્યા છે.એનો સીધો અર્થ એ થાય છે કે તેમણે આ બાબતે તેમનું મન મનાવી લીધું છે. અમેરિકન પ્રેસિડેન્ટ ટ્રમ્પે જણાવ્યુ હતું કે ધરપકડ કરાયેલા શરણાર્થીઓને  સ્વઘોષિત 'સેન્ચુરી સીટીઝ'(શરણ સ્થળ) પર મોકલવા માટે ગંભીરતાપુર્વક વિચારણા કરી રહ્યા છે. સેન્ચુરી સીટીઝ એવા શહેરો છે જ્યાંના સ્થાનિક વહીવટી તંત્રએ ટ્રમ્પની કડક ઈમીગ્રેશન નીતીઓનો વિરોધ કર્યો છે.અને ગરકાયદેસરના શરણાર્થીઓના પ્રત્યાર્પણ કરવાનો ઈન્કાર કરી દીધો છે.આ શહેરો ડેમોક્રેટ્સના પ્રતિનિધિત્વ હેઠળના છે.ટ્રમ્પે ટ્વીટર પર આ બાબતે જાહેરાત કરી હતી. જોકે તે વ્હાઈટ હાઉસની આ પ્રકારની યોજનાને બંધ કરવાની વાતથી બિલકુલ વિપરિત છે.ટ્રમ્પના આ પ્રકારના વિચારની ચોમેર ટીકા કરવામાં આવતી હતી અને જે શહેરોમાં વિપક્ષ ડેમોક્રેટ્સ છે તેમની સાથે બદલાના ભાવથી આ યોજના તૈયાર કરાતી હોવાનું કહેવાતું હતું.ટ્રમ્પે જણાવ્યુ હતું કે ડેમોક્રેટ્સ આપણા ખતરનાક ઈમીગ્રેશન કાયદામાં બદલાવ માટે તૈયાર નથી.જેથી અમે ખરેખર આ તમામ ગેરકાયદે વસવાટ કરનારાઓને સેન્ચુરી સીટીઝમાં મોકલવાનું વિચારી રહ્યા છીએ.

જો કે ઈમીગ્રેશના કાયદામાં બદલાવ નહી ઈચ્છતા ડેમોક્રેટસ માટે આ ટ્રમ્પની નીતિને કારણે ડેમોક્રેટસની સ્થિતિ સુડી વચ્ચે સુપારી જેવી બનશે.ગેરકાયદેસરના વસાહતીઓ માટેના દ્વાર બંધ થશેજ

# ૨૦૧૬માં સર્જીકલ સ્ટ્રાઇકની આગેવાની કરનાર લેફ્ટ.જનરલ(નિવૃત)ડી.એસ હુડ્ડાએ કહ્યુ કે સેના આઝાદી પછી સ્વતંત્ર જ છે તેના હાથ ક્યારેય બંધાયેલા નહોતા

૨૦૧૬માં સર્જીકલ સ્ટ્રાઈકની આગેવાની કરનાર લેફ્ટ.જનરલ(નિવૃત) ડી.એસ.હુડ્ડાએ ગોવા ફેસ્ટ ખાતેના એક વાર્ષિક કાર્યક્રમમાં જણાવ્યુ હતું કે સેનાના હાથ ક્યારેય બંધાયેલા નહોતા.સેનાને ખુલ્લી છુટ આપવાની ઘણી વાતો થઈ છે. પરંતુ ૧૯૪૭થી સેના સરહદે સ્વતંત્ર છે. તેણે ત્રણ-ચાર યુધ્ધો લડ્યા છે. તેમણે કહ્યુ કે નિયંત્રણ રેખા એક ખતરનાક સ્થળ છે કેમકે જેમ મે કહ્યુ કે તમારી પર ગોળીબાર કરવામાં આવી રહ્યો હોય છે અને જમીન પર સૈનિક તેનો તરત જ જવાબ આપશે. તેઓ(સૈનિક)મને પુછશે પણ નહીં, કોઈ મંજુરી લેવાનો પ્રશ્ન જ નહી. સેનાને ખુલ્લી છુટનો વિકલ્પ મળી ગયો છે.અને આ તમામ એક સાથે બન્યું છે કોઈ વિકલ્પ નથી.

હુડ્ડાએ સપ્ટે.૨૦૧૬માં ઉરી આતંકી હુમલા બાદ સરહદ પર સર્જીકલ સ્ટ્રાઈકના વખતે સેનાના ઉત્તરી કમાંડની આગેવાની કરી હતી.ડી.એસ હુડ્ડાએ સૈન્ય અભિયાનો પર પુરાવા માંગનારા નિવેદનોની ટીકા કરી હતી.તેમણે કહ્યુ હતું કે તમે તમારા વરિષ્ઠ અધિકારીઓ પર ભરોસો રાખો.જ્યારે સૈન્યના અધિકારીઓ સર્જીકલ સ્ટ્રાઈક થયાનું કહેતા હોય તો તેમાં શંકાને કોઈ સ્થાન નથી.તેમણે કહ્યુ હતું કે સશત્ર દળોએ કોઈપણ સરકાર વખતે કોઈપણ પ્રકારની રાજકીય દરમિયાનગીરી જોઈ નથી.

# તામિલનાડુની વેલ્લોર સીટની ચુંટણી રદ કરવાનો ચુંટણી પંચનો આદેશ

તામિલનાડુની વેલ્લોર લોકસભા સીટ પરની ચુંટણી રદ કરવામાં આવી છે.અહી ડીએમકેના ઉમેદવાર અને તેના પરિવાર દ્વારા મતદારોને રીઝવવા માટે તેમજ મત મેળવવા માટે પૈસાની છુટા હાથે લ્હાણી કરવામાં આવી હોવાના અહેવાલો પછી આ ચુંટણી રદ કરવામાં આવી છે. વેલ્લોરમાં ૧૮મી એપ્રિલે મતદાન થવાનું હતું. તામિલનાડું ચુંટણી પંચને નાણાંકીય લેતીદેતીની જાણકારી મળતાં ચુંટણી રદ કરવા માટે રાષ્ટ્રપતિની સલાહ માંગીહતી.પંચે રાષ્ટ્રપતિ સમક્ષ તેની રજુઆતમાં જણાવ્યુ હતું કે ડીએમકેની ઓફીસમાંથી પૈસાની છુટા હાથે લ્હાણી કરવામાં આવી છે. અને આઈટીના દરોડામાં બેનામી રોકડ ઝડપાઈ છે.રાષ્ટ્રપતિએ કાનુની સલાહ માટે આ દરખાસ્તને કાયદા મંત્રાલયને મોકલી આપી હતી. કાયદા મંત્રાલયે ચુંટણી રદ કરી શકાય તેવો અભિપ્રાય આપ્યો પછી રાષ્ટ્રપતિએ વેલ્લોરની ચુંટણી રદ કરતું નોટીફિકેશન બહાર પાડ્યું હતું.

ડીએમકેના નેતા દુરાઈમુરુગનના હતા પરંતુ તેમણે આ દરોડાને રાજકીય ઈરાદાપુર્વકના ગણાવ્યા હતા.

તામિલનાડુંના ચુંટણીપંચ દ્વારા અગાઉ ૨૦૧૭માં ડો.રાધાકૃષ્ણ નગરમાં વિધાનસભાની ચુંટણી વખતે બે સીટ પર પૈસાની વહેચણીનો મામલો પ્રકાશમાં આવતાં ચુંટણી રદ કરવામાં આવી હતી.૨૦૧૬માં થાંજાવુર અને અર્વાકુરિચી વિધાનસભાની ચુંટણી રદ કરાઈ હતી.લોકસભાની ચુંટણીનું નોટિફિકેશન રાષ્ટ્રપતિ દ્વારા જાહેર કરવામાં આવતું હોવાથી ચુંટણી રદ કરવાનો પણ તેમને અધિકાર છે.

જો કે ચુંટણીઓમાં પૈસાની લેતીદેતી અને અનેક ગેરરીતીઓ અજમાવાય છે તે સત્ય છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨

# સફળતા અને સંઘર્ષને નજીકનો સબંધ છે

સફળતા કોને કહેવાય ? આમ તો દરેક વ્યક્તિની દષ્ટિએ સફળતાનો અર્થ જુદો જુદો હોઇ શકે. કોઇ તેને સંપત્તિ સાથે સાંકળી શકે તો કોઇ તેને સ્વાસ્થ સાથે સાંકળે તો કોઇ તેને અભ્યાસ સાથે કે સમાજમાં મળતા મોભા-પ્રતિષ્ઠા સાથે સાંકળી શકે. આમ છતાં સફળતા એ આંતરિક બાબત છે.જે બાબતને તમે પ્રાધાન્ય આપીને સફળતા ગણો છો તેને અન્ય વ્યક્તિ સફળતા ન પણ ગણે.પણ તે માટે આપણે આપણી પસંદગી કે રસ રુચિ બદલવાની જરુર નથી.તમને મજા આવતી હોય, સંતોષ મળતો હોય અને સમાજ તેને સહર્ષ સ્વીકારતો હોય તેવી દરેક બાબતમાં આગળ વધો, એ જ તમારી સફળતા છે.

તમારી શક્તિ અને મર્યાદાને જાણો. વ્યવહારિક બનો. એટલે કે વાસ્તવિકતાનો સ્વીકાર કરો. તમને જે મળ્યું છે તે છે અને નથી તે નથી.તેનો સ્વીકાર કરો અને મહેનત કરવા મંડી પડો.પોતની બહેરી પત્ની માટે શ્રવણયંત્ર શોધવાનો અલેકઝાંડર ગ્રેહામ બેલે ખુબ પ્રયત્ન કર્યો હતો.તેઓશ્રવણયંત્ર ન શોધી શક્યા. હા, ટેલીફોનના સિધ્ધાંતો જરુર શોધી કાઢ્યા.આમ કરેલું ફોગટ જતું નથી.એન્ડુ કારનેગ કહે છે, એક સામાન્ય વ્યક્તિ પોતાની શક્તિના ૨૫ ટકા જ કામ કરે છે.જેઓ ૫૦ ટકાથી વધુ શક્તિ ખર્ચે છે તેઓને જગત સલામ કરે છે.પરંતુ જેઓ ૧૦૦ ટકા શક્તિ ખર્ચે છે તેમને જગત આસમાનની બુલંદી પર બેસાડે છે.

સફળતા અને સંઘર્ષને નજીકનો સબંધ છે.બંને એકબીજાની સાથે ચાલે છે.જ્યાં સફળતા હોય ત્યાં સંઘર્ષ હોય અને સંઘર્ષ હોય ત્યાં સફળતા પણ આવે. તમે કહેવત સાંભળી હશે, "શાંત દરિયો કદી કુશળ ખલાસી બનાવતો નથી." આમ સંઘર્ષ દ્વારા મળેલી સફળતા જ સંતોષ સાથે નિજાનંદ આપે છે. પ્રયત્ન વિના, પ્રાપ્ત થયેલ લક્ષ્ય ધાર્યો સંતોષ કે આનંદ આપી શકતા નથી.

ટોમ વોટસનના મતે જો તમારે સફળ થવું હોય તો નિષ્ફળતાનું પ્રમાણ બમણું કરી નાંખો. એટલે કે પ્રયત્નો વધારી દેવા જોઇએ.તેમાં ભલેને મોટા ભાગના પ્રયત્નો નિષ્ફળતામાં પરિણમે. લોકો સફળતાને જુએ છે.વધાવે છે,તે માટે થયેલ નિષ્ફળ પ્રયત્નોને કોઇ મહત્વ આપતું નથી.નિષ્ફળ થવાશે તેમ માનીને કશું જ ન કરનાર કરતાં, સતત નિષ્ફળ થનાર વ્યક્તિ પણ જો પોતાના પ્રયત્નો ચાલુ જ રાખતો હોય તો તે વધારે પ્રમાણિક અને વિશ્વાસુ ગણાય.

એક ખેડુતની વાડી જોઇને કોઇએ કહ્યું કે વાહ ભગવાને કેટલી સુંદર વાડી તને આપી છે.તારે ભગવાનનો આભાર માનવો જોઇએ. ત્યારે પેલા ખેડુતે કહેલું કે હા હું ભગવાનનો આભારી છું.પણ તમારે આ વાડી પાંચ વર્ષ પહેલાં જોવી જોઇતી હતી.જ્યારે તે માત્ર પ્રભુના ભરોસે હતી. અહીં અર્થઘટન એ કરવાનું કે ભગવાનને ભરોસે બધું ન છોડાય. આપણી મહેનત હોય તો જ સફળતા મળે. પ્રિન્સ લોમ્બાર્ડી જણાવે છે કે વિજયી બનવાની ઇચ્છા બધાને હોય છે, પણ એ માટે નક્કર યોજના બનાવી પુર્વ તૈયારી કરવા માટે ખુબ ઓછા લોકો તૈયાર થતા હોય છે.સફળતા મેળવવા માત્ર શૈક્ષણિક ડીગ્રી જ કામ આવતી નથી.સફળ વ્યક્તિઓમાંથી મોટા ભાગની વ્યક્તિ અભ્યાસમાં મોખરાનું સ્થાન ધરાવતી ન હતી.અરે, ઘણી વ્યક્તિઓ તો અભ્યાસમાં નાપાસ પણ થતી હતી. તો કેટલીક વ્યક્તિઓ તો અધવચ્ચેથી અભ્યાસ છોડી દીધેલ હતો. કેટલાંક ઉદાહરણો વાંચો. લકવાગ્રસ્ત વિલ્મા રુડોલ્ફ પોતાની તીવ્ર ઇચ્છાશક્તિ અને મહેનતને કારણે ૧૯૬૦માં ઓલિમ્પીકમાં સૌથી ઝડપી મહિલા તરીકે પ્રથમ આવી હતી.શૈલી માન બાળપણમાં લકવાગ્રસ્ત બની હતી. છતાં તરણવિદ્યા શીખી ૧૯૫૬ની મેલબોર્ન ખાતેની ઓલિમ્પીકમાં તેણે ત્રણ વિક્રમ સર્જ્યા હતા.હેની ફોર્ડ જ્યારે પોતાની જીવનની પ્રથમ કાર બનાવી ત્યારે તેઓ તેમાં રીવર્સ ગીયર નાંખવાનું ભુલી ગયા હતા.અને ૪૦માં વર્ષે નાદારી નોધાવી હતી.વીજળીનો દિવો શોધવામાં થોમસ આલ્વા એડીસનને સફળતા મળી એ પહેલાં ૧૦,૦૦૦ પ્રયોગ નિષ્ફળ નીવડ્યા હતા.સુપરસ્ટાર રજનીકાંત ૨૪માં વર્ષે બસ કંડકર હતો.બીલ ગેટસે પોતાનું યુની.નું શિક્ષણ પુરુ કર્યું નથી.

સચિન તેંડુલકર ૧૦માં ધોરણની પરીક્ષામાં નાપાસ થયો હતો.આમ સફળતા માટે માત્ર શિક્ષણ જ ઉપયોગી નથી.તમને જેમાં રસ છે, તમને જે ગમે છે તે પુરા લગાવથી મન મુકીને કરો. તમે સફળ થશો જ, અંતે દોસ્તો એટલું યાદ રાખજો કે ,બધા બધું નથી બની શકતા અને બધા એ બધું બનવાની જરુર પણ નથી.

ડો. અશોક પટેલ(સૌ.)

# ઇવીએમ ૫૦ ટકા વીવીપેટની ચકાસણી માટે ૨૧ વિપક્ષો ફરીથી સુપ્રીમ કોર્ટના દ્વારે

લોકસભાની ચુંટણીના ત્રણ તબક્કા પુરા થઇ ચુક્યા છે. ત્યારે ૨૧ વિપક્ષો ફરી એક વાર સુપ્રીમ કોર્ટમાં ઇવીએમ બાબતે ચિંતા કરતાં કોર્ટના શરણે ગયા છે.વિપક્ષોએ ચિંતા કરતાં કહ્યુ કે ઇવીએમ અને વીવીપેટના ૫૦ ટકાની ચકાસણી કરવામાં આવે.આ બાબતની માંગણી તેઓએ સુપ્રીમ કોર્ટમાં કરી છે.સુપ્રીમ કોર્ટે અગાઉ ચુંટણી પંચને વીવીપેટ અને ઇવીએમના કેટલાક મતોની ચકાસણી કરવા માટે આદેશ આપ્યો હતો. કોર્ટે પોતાના આદેશમાં એક વિધાનસભામાં પાંચ બુથો પર આવીચકાસણી કરવા કહ્યુ હતું પણ હવે વિપક્ષી પાર્ટીઓએએ આ નિર્ણય અંગે ફેરવિચારણા કરવા માટે અરજી દાખલ કરી છે.

હવે વિપક્ષોએ સુપ્રીમ કોર્ટને કહ્યુ હતું કે માત્ર પાંચ બુથે જ નહીં પરંતુ અડધોઅડધ મશીનો પર મતોની તપાસનો આદેશ આપે. ઉલ્લેખનીય છે કે બે તબક્કાના મતદાન પછી જ અનેક વિપક્ષી દળોએ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ કરીને ઇવીએમમાં ગરબડનો મુદ્દો ઉઠાવ્યો હતો. જેમાં કોગ્રેસ,આમ આદમી,ટીડીપી,ટીએમસી સહિત અન્ય પાર્ટીઓના નેતાઓ સામેલ હતા.આ ઉપરાંત યુપીના ભુતપુર્વ સીએમ અખિલેશ યાદવે પણ કહ્યુ હતું કે દેશભરના ઇવીએમ મશીનોમાં ખરાબી છે.વારંવાર મશીનો ખોડકાવા તેમજ અન્યને તરફેણમાં મતો જતા રહેતા હોવાની ફરિયાદોને કારણ ઇવીએમ પર લોકોનો ભરોસો ઉઠતો જાય છે.અને જીતનારા પક્ષો આ કારણે જીતી જાય છે તેવી ફરિયાદોમાં લોકોને વિશ્વાસ બેસતો જાય છે.


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવકાન્તિ સાપ્તાહિક 9825169386


# છેલ્લા ૧૦ વર્ષમાં સરકારી બેન્કોએ સાત લાખ કરોડ રુપીયા માંડવાળ કર્યાઃ રીઝર્વ બેન્કના આંકડા

સરકાર એક તરફ રુપીયા લઇને ભાગી જનારને ભાગેડુ જાહેર કરે છે અને બીજી બાજુ ડુબતી કંપનીઓને બચાવવા માટે અબજો રુપીયાનું આંધણ કરે છે.સરકારી બેન્કોએ પાછલા દસ વર્ષમાં સાત લાખ કરોડ રુપીયા માંડવાડ કર્યા છે.જેને તેઓ રાઇટઓફ કર્યાનું કહે છે.ડિસેમ્બર ૨૦૧૮ સુધીના સમયમાં પુરા થયેલા ત્રિમાસિક ગાળા સુધીમાં બેકોએ લગભગ રુપીયા ૧,૫૬,૭૦૨ કરોડની બેડ લોનને રાઇટ ઓફની શ્રેણીમાં નાંખી દીધી છે.આ રીતે છેલ્લા ૧૦ વર્ષમાં બેન્કોએ લગભગ સાત લાખ કરોડની બેડ લોનને માંડવાડ કરી દીધી છે.રિઝર્વ બેન્કના છેલ્લા આંકડાઓમાંથી આ ખુલાસો થયો છે. સાદા શબ્દોમાં કહીએ તો માંડવાડ થયેલી લોનનો અર્થ એવો જ કરી શકાય કે જે પાછી બેન્કમાં આવવાની નથી. અને બેન્કોએ તેમના સરવૈયામાંથી તેને હટાવી દીધી છે.રિઝર્વ બેન્કના આંકડાઓમાંથી એવું ફલિત થાય છે કે છેલ્લા ૧૦ વર્ષમાં રાઇટ ઓફ કરાયેલી મોટાભાગની લોનનો ૮૦ ટકા હિસ્સો છેલ્લા પાંચ વર્ષમાં એટલે કે એપ્રિલ ૨૦૧૪ બાદ માંડવાડ કરવામાં આવ્યો છે.

૨૦૧૪થી કેન્દ્રમાં મોદી સરકાર આવી તે પછી રુપીયા ૫,૫૫,૬૦૩ કરોડની બેડ લોનની રકમ ઓછી દેખાડવા માટે બેન્કોએ ૨૦૧૬-૧૭માં રુપીયા ૧,૦૮,૩૭૪ કરોડ અને ૨૦૧૭-૧૮માં રુ.૧,૬૧,૩૨૮ કરોડની લોન રાઇટ ઓફ કરી નાંખી છે.૨૦૧૮-૧૯ના શરુઆતના ૯ મહિનામાં રુપીયા ૮૨,૭૯૯ કરોડની રકમ રાઇટ ઓફ કરી દેવાઇ છે.ઓક્ટો.થી ડિસે.ના ૨૦૧૮ના ત્રિમાસિક ગાળામાં રુપીયા ૬૪,૦૦૦કરોડની રકમ રાઇટ ઓફ કરવામાં આવેલી છે.બેન્કીંગ સુત્રોના જણાવ્યા પ્રમાણે વ્યક્તિ વિશેષના મામલામાં લોન લેનાર લોકો અને માંડવાડ કરાયેલી લોનની રકમ અંગે વધુ માહીતી નથી.

# મહિલાઓના મંદિર પ્રવેશ બાદ હવે મસ્જીદમાં પ્રવેશના મામલે અરજીઃ સ્ત્રીઓને મસ્જીદમાં પ્રવેશ બાબતે સુપ્રીમની કેન્દ્ર,મહિલા પંચ અને લો બોર્ડને નોટીસ

મસ્જીદોમાં મહિલાઓને પ્રવેશ અને નમાજ અદા કરવાની પરવાનગીની માંગ કરતી એક અરજી પુણે સ્થિત દંપતિએ કરતાં તેનો સુપ્રીમ કોર્ટે સ્વીકાર કર્યો છે.સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર,રાષ્ટ્રીય મહિલા પંચ,વક્ફ કાઉન્સીલ ઓફ ઇન્ડીયા લો બોર્ડને નોટીસ જારી કરી છે.પુણેના રહેવાસી એવા યાસ્મીન પીરઝાદે તેમની અરજીમાં જણાવ્યુ હતું કે કુરાન અને હદીસમાં ક્યાંય ઉલ્લેખ નથી કે મહિલાને મસ્જીદમાં પ્રવેશ ન અપાય.

સુપ્રીમ કોર્ટે અરજકર્તાઓના વકીલો સાથે ઘણી બાબતોમાં નારાજ જણાઇ હતી. સુપ્રીમ કોર્ટે તેમને કહ્યુ હતું કે અમે ફક્ત સબરીમાલા કેસને કારણે તમારી અરજી પર વિચારણા કરવા તૈયાર થયા છીએ. અદાલતે અરજકર્તા દંપતીને સવાલ કર્યો હતો કે શું તમને મસ્જીદમાં પ્રવેશતાં કે નમાજ અદા કરતાં કોઇએ અટકાવ્યા છે ? સુપ્રીમ કોર્ટે અરજકર્તા દંપતીને સવાલ કર્યા હતા કે સું તમે કોઇ અન્ય માનવી માટે પણ સમાન વ્યવહારની માંગ કરી શકો છો ? શું તમારી માંગ વ્યક્તિગત હિતો માટે છે ? શું તમે અન્ય કોઇ નાગરિકની સ્વતંત્રતા છીનવી શકો છો ? અમે જાણીએ છીએ કે સરકાર તેમ કરી શકતી નથી. સરકાર કોઇને સમાનતાના અધિકારનો ઇન્કાર કરી શકે નહીં. શું ચર્ચ અથવા મસ્જીદ સરકાર છે જો કોઇ તમને તેના ઘરમાં પ્રવેશ આપવા નથી ઇચ્છતો તો શું તમે પોલીસ બોલાવશો ?જો કે સુપ્રીમ કોર્ટના આદેશ બાદ સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશના મુદ્દે ઘણી બધી મુશ્કેલ પરિસ્થિતિઓ આવી છે અને હજુ સુધી આદેશનું પુરેપુરુ પાલન થયું નથી.

## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬


## ગ્લોરી કેટરીંગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ
એ.એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

# ન્યાયતંત્રની આઝાદી ખતરામાં છે : ચીફ જસ્ટીસ સુપ્રીમ કોર્ટે ઓફ ઇન્ડીયા : માન. રંજન ગોગોઇ

ન્યાયતંત્રની સ્વતંત્રતા ખતરામાં છે આ પહેલા સુપ્રીમ કોર્ટના ઈતિહાસમાં પ્રથમ વાર ચાર સીનીયર જજોએ પ્રેસ કોન્ફરન્સ કરીને દેશની જનતા સમક્ષ કહેલું કે સુપ્રીમ કોર્ટમાં તમે જે માનો છે તેવું નથી.કોર્ટની સ્વતંત્રતા ખતરામાં છે.સુપ્રીમ કોર્ટની કાર્યવાહીમાં ખલેલ પહોચાડવામાં આવી રહી છે. કોર્ટના જજોએ મોંઘમમાં જે ઈશારો કર્યો તેમાં ઘણું બધું સમાયેલું છે.કેટલાક જજો જો આ બધામાં સામેલ ના થયા તો તેમને યેનકેન પ્રકારે દુન્યવી માયાજાળમાં ફસાવી દેવાનું ચક્કર પણ ચલાવાય છે તેમાં રાજકારણીઓ અને માલેતુજારોનો હિસ્સો છે.તાજેતરમાં સીજેઆઇ રંજન ગોગોઇ સામે એક મહિલા દ્વારા જાતીય સતામણીના આરોપોને કારણે સમગ્ર દેશમાં ખળભળાટ વ્યાપી ગયો છે. આ મામલે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરાઇ છે.ચીફ જસ્ટીસ ગોગોઇ, જસ્ટીસ અરુણ મિશ્રા અન જસ્ટીસ સંજીવ ખન્નાની બેન્ચે કહ્યુ કે ચીફ જસ્ટીસ સામેલના આરોપો પર એક યોગ્ય બેન્ચ સુનાવણી કરશે.

કોર્ટે ઉમેર્યુ કે ન્યાયતંત્રની આઝાદી અત્યંત ગંભીર ખતરામાં છે. આ દરમિયાન સીજેઆઇએ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા હતા અને તેને આગામી થોડાક અઠવાડીયામાં કેટલાક મહત્વના કેસો પર થનારી સુનાવણીથી તેમને અટકાવવાનો એક પ્રયાસ ગણાવ્યો હતો. કોર્ટમાં આ ખાસ સુનાવણીનું કારણ દર્શાવતાં જસ્ટીસ ગોગોઇએ કહ્યુ કે મે કોર્ટમાં આજે બેસવાનું અસામાન્ય અને અસાધારણ પગલું ભર્યું છે કેમકે આ તમામ બાબતો ઘણી આગળ વધી ચુકી છે. ન્યાયતંત્રને બલીનો બકરો બનાવી શકાય નહીં.

સુનાવણી દરમિયાન ચીફ જસ્ટીસ ગોગોઇએ કહ્યું કે આરોપોની પાછળ કોઇ તાકાત હશે, જે સીજેઆઇ કચેરીને નિષ્ક્રિય કરી દેવા માંગે છે. તેઓ આગામી અઠવાડીયે અનેક મહત્વપુર્ણ કેસોમાં સુનાવણી કરવાના છે. અને આ તે કેસોમાં સુનાવણીથી રોકવાનો પ્રયાસ છે. જસ્ટીસ ગોગોઇએ કહ્યુ કે સ્વતંત્ર ન્યાયતંત્રને અસ્થિર કરવાનું એક મોટું કાવતરુ કરાયું છે. જોકે દ્રઢ વ્યક્ત કર્યો હતો કે હું આ ખુરશી પર બેસીસ અને કોઇપણ ડર વગર પોતાના કર્તવ્ય પુર્ણ કરતો રહીશ. પોતાના સામેના આરોપોને પાયાવિહોણા ગણાવી સીજેઆઇએ કહ્યુ કે આ અવિશ્વસનીય છે મને લાગતું નથી કે આ આક્ષેપોને નકારવા માટે મારે આટલું નીચે ઉતરવું પડશે.આરોપોથી આઘાતગ્રસ્ત જસ્ટીસ ગોગોઇએ ઉમેર્યુ હતું કે જ્યુડીશયરીમાં ૨૦ વર્ષની નિઃસ્વાર્થ સેવાનું ઇનામ તેમને મળ્યું છે. આટલા વર્ષો પછી પણ તેમના ખાતામાં માત્ર રુ.૬.૮ લાખનું બેલેન્સ છે અને પીએફમાં રુ.૪૦ લાખ છે. મારી સામે કશું જ ન મળ્યું તો મારી સામે આરોપ મુકવા માટે આ મહિલાને ઉભી કરી દેવાઇ છે.સીજેઆઇએ ઉમેર્યુ કે કેટલાક મીડીયા સંસ્થાઓએએક મહિલા દ્વારા મુકવામાં આવેલા આરોપોને પ્રકાશિત કર્યા છે. આ મહિલાનો ઇતિહાસ ગુનાખોરીનો છે અને તે પોતાના ક્રિમિનલ રેકોર્ડને કારણે ચાર દિવસ સુધી જેલમાં રહી છે. મહિલાના વ્યવહાર અંગે તેને પોલીસે ચેતવણી પણ આપી છે.અન્ય બે જજો જસ્ટીસ અરુણ મિશ્રા અને જસ્ટીસ સંજીવ ખન્નાએ મીડીયાને કહ્યુ કે તેઓ જવાબદારી અને સમજથી કામ કરે અને હકીકત ચકાસ્યા વગર મહિલાની ફરિયાદને પ્રકાશિત ન કરે.તેમણે સ્પષ્ટ કર્યુ હતું કે અમેકોઇ ન્યાયિક આદેશ પસાર કરતા નથી પરંતુ જ્યુડીશયરીની આઝાદીને સુનિશ્ચિત કરવા માટે જવાબદારીથી કામ કરે. જસ્ટીસ અરુણ મિશ્રાએ કહ્યુ કે ન્યાયિક પધ્ધતિમાં લોકોને વિશ્વાસ જોતાં અમે તમામ જ્યુડીશયરીની આઝાદી અંગે ચિંતિત છીએ.આ પ્રકારના અનૈતિક આરોપોને કારણે ન્યાયપાલિકા પરથી લોકોનો વિશ્વાસ ડગમગી જશે.



સીજેઆઇ આગામી દિવસોમાં મહત્વના કેસોની સુનાવણી કરવાના છે. જેમાં રાહુલ ગાંધી સામે અવમાનની અરજી, પીએમ મોદીના બાયોપિકની રીલીઝની સાથે સાથે તામિલનાડુમાં મતદારોને કથિત રીતે લાંચ આપવાને કારણે ત્યાં ચુંટણી સ્થગિત કરતી માંગણી ધરાવતી અરજીઓ પર સુનાવણી કરશે.બાર કાઉન્સીલ ઓફ ઇન્ડીયાએ સીજેઆઇ રંજન ગોગોઇ સામેના જાતીય સતાવણીના આરોપોને ખોટા અને પાયાવિહોણા ગણાવી તેની ટીકા કરી છે. તેણે કહ્યુ છે કે સમગ્ર બાર સીજેઆઇની સાથે છે અને સંસ્થાની છબી ખરડવાના આ પ્રયાસની વિરુધ્ધમાં છે.બીસીઆઇના ચેરપર્સન મનન મિશ્રાએ કહ્યુ છે કે આ પ્રકારના આરોપો અને કૃત્યોને પ્રોત્સાહિત કરવા જોઇએ નહીં.બાર કાઉન્સીલની ઈમરજન્સી બેઠક બોલાવવામાં આવી છે. આ મામલે એક દરખાસ્ત પસાર કરાશે.

ચીફ જસ્ટીસ ગોગોઇએ કહયુ કે એક જજ પાસે પ્રતિષ્ઠા જ એકમાત્ર વસ્તુ હોય છે અને જો જાતીય સતાવણી જેવા પાયાવિહોણા આરોપોને કારણે તેના પર જ હુમલો થશે તો કોઇપણ સમજદાર વ્યક્તિ જજનો હોદ્દો સ્વીકારવા તૈયાર થશે નહીં.જો આવી બાબતો થશે તો કોઇપણ જજ કેસો પર સુનાવણી નહીં કરે. તે કહેશે કે હું શુ કરવા નક્કી કરું.પછી હું આવીશ અને કેસોને મોકુફ કરીશ. કોઇ સમજદાર વ્યક્તિ જજ શુ કરવા બનશે ? આ મહિલા સામે એફઆઇઆર હોવાથી તે સુપ્રીમ કોર્ટનો સ્ટાફ કેવી રીતે બની શકે.

જ્યારે જે મહિલાએ સીજેઆઇ ઉપર આરોપો મુક્યા છે તેણીએ પોતાની એફીડેવીટકમાં જણાવ્યુ છે કે તેની સાથે કથિત બે રીતે થયેલી સતાવણીનું વર્ણન કર્યુ છે.તેનો આક્ષેપ છે કે જાતીય તરફેણને તાબે ન થતાં તેને નોકરીમાંથી કાઢી મુકાઇ હતી. તેનો દાવો હતો કે તેના પતિ અને બનેવી કે જેઓ પોલીસ કોન્સ્ટેબલ હતા તેમને પણ ૨૦૧૨માં એક કેસમાં સસ્પેન્ડ કરી દેવાયા હતા. એ પછી તેને જસ્ટીસ ગોગોઇની પત્ની સમક્ષ લઇ જવાઇ હતી અને તેમના નિવાસસ્થાને નાક રગડવાનની ફરજ પડાઇ હતી. સુપ્રીમ કોર્ટના ૨૨ જજોને મોકલેલા એક પત્રમાં મહિલાએ ફરીયાદ કરી હતી કે તે સુપ્રીમકોર્ટમાં જુનિયર કોર્ટ આસીસ્ટન્ટ હતી. તે પહલી મે,૨૦૧૪ના રોજ નોકરીમાં જોડાઇ હતી. અને તેને ૨૧ ડિસે.૨૦૧૮ના રોજ નોકરીમાંથી કાઢી મુકાઇ હતી.તેણે જસ્ટીસ ગોગોઇ સામે જાતીય સતાવણીની ફરિયાદ કરી હતી.

એડવોકેટ ઉત્સવ બૈસે ચીફ જસ્ટીસ ગોગોઇને જાતિય શોષણના મામલે ફસાવવાનું ષડયંત્ર રચ્યું છે અને પોતાના દાવા અંગે કોર્ટમાં રિપોર્ટ પણ આપી દીધો છે.જેમાં તેમણે એમ પણ કહ્યું છે કે કેટલાક લોકો જેઓ પોતાના હિસાબથી કોર્ટ પાસે નિર્ણયો કરાવવા માંગે છે.હજુ સુધી સત્ય બહાર આવ્યું નથી પરંતુ જસ્ટીસો પર કોર્ટમાં ભારે દબાણ આવે છે અને તેમને તે મુજબ વર્તવું પડેછે તેવું કંઇક દેખાઇ રહ્યું છે. કોર્ટોના જજો પર રાજકીય દબાણ અંગે આ પહેલા સુપ્રીમના સિનિયર જજોએ પ્રેસ કોન્ફરન્સ પણ કરેલી પરંતુ પાછળથી બધી બાબતો દબાઇ ગઇ. છેલ્લા ચાર થી પાચ વર્ષના ગાળામાં કોર્ટોના જજો પર અને તેમની સ્વતંત્રતા પર તરાપ મરાઇ રહી છે તેવો જજોનો દાવો ખોટો ના હોઇ શકે. રાજકીય સ્તરે અને પૈસાના જોરે કોર્ટોને પોતાના દબાવમાં રાખવા માટે અને નિર્ણયો કરાવવા કેટલા પરબળો જવાબદાર છે તેને બહાર લાવવા જોઇએ.




**વિનંતી**

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

**કાર ભાડે મળશે**



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.